# રાજકોટ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– ડૉ.મહેન્દ્રભાઈ પડલીયા **(ધોરાજી)**

**અગ્રતા ક્રમ – ૧૭**

પ્રશ્ન નં -૧ **રાજકોટ જિલ્લામાં** રેશનકાર્ડ ધારકોને વિતરણ કરાતા રાશનના જથ્થા અંગે **સંગ્રહ શક્તિ** માટે **ગોડાઉન** અંગે શુ વ્યવસ્થા છે? **(ડૉ.મહેન્દ્રભાઈ પડલીયા)**

પ્રશ્ન નં -૨ રાજકોટ જીલ્લામાં રાજ્ય સરકારની યોજના પ્રમાણે **અનાજ સિવાય** અપાતા **જથ્થાનું વિતરણ** પ્રમાણ તથા વિતરણ **ભાવ** શું છે? **(શ્રીમતિ ગીતાબા જાડેજા)**

પ્રશ્ન નં -3 તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **રાજકોટ જીલ્લામાં** "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩" હેઠળ આવરી લેવા માટે **તાલુકાવાઈઝ કેટલા રેશનકાર્ડધારકોએ** અરજીઓ કરી, કેટલી **અરજીઓ મંજૂર/નામંજૂર** થઈ છે ? **( શ્રી રમેશભાઈ ટીલાળા)**

પ્રશ્ન નં -૪ છેલ્લા એક વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"** અંતર્ગત **તાલુકાવાર** અનાજનું કેટલુ **વિતરણ** થયેલ છે?

પ્રશ્ન નં -૫ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા **તાલુકાવાર અનાજ સિવાયની** અન્ય આવશ્યક ચીજ વસ્તુના **જથ્થાના** વિતરણની શું માહિતી છે ?

પ્રશ્ન નં -૬ જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમિયાન **રાજકોટ જિલ્લામાં** કેટલી વ્યાજબી ભાવની **દુકાનોની તપાસો** કરવામાં આવી અને **શું પગલા** લેવામાં આવ્યા?

# પુરક માહિતી

- રાજ્યમાં **તુવેરદાળનું વિતરણ** કઈ યોજના હેઠળ, કેટલા લાભાર્થીઓને કેટલા પ્રમાણમાં કરવામાં આવે છે?
- લાભાર્થીઓને તુવેરદાળ શા કારણે **ઓછી ફાળવવામાં** આવે છે અથવા તો **સમયસર ફાળવવામાં આવતી નથી** તેના કારણો?
- **અન્નબ્રહ્મ યોજના** (ફુડ હેલ્પલાઈન યોજના)
- વાજબી ભાવની દુકાન સંચાલકોને લાભાર્થીઓને **વિતરણ** કરવા માટે **જથ્થા ફાળવવાની પદ્ધતિ** શું છે.
- "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(એન.એફ.એસ.એ) હેઠળ **ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં** "અગ્રતા ધરાવતા કુંટુબ" નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?
- "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" (એન.એફ.એસ.એ) હેઠળ **અંત્યોદય અન્ન યોજના** રેશનકાર્ડ (એ.એ.વાય) મેળવવા માટે **પાત્રતાના ધોરણો** શું છે?
- **રાજ્ય** અને **રાજકોટ** જીલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૪ ની સ્થિતીએ **કેટેગરીવાર** કુલ કેટલા **રેશનકાર્ડધારકો** છે?
- ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" **ક્યારથી અમલમાં મુક્યો**? અને રાજ્યમાં **ક્યારથી લાગુ** કરવામાં આવ્યો?
- **"સાઈલેન્ટ રેશનકાર્ડ"** એટલે શું અને તેને **પુનઃ એકટિવ** કરવાની શુ **કાર્યપધ્ધતી** છે?
- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ **કોને લાભ મળવાપાત્ર** છે અને રાજકોટ જિલ્લામાં હાલની સ્થિતિએ **કેટલા લાભાર્થીઓ** નોંધાયેલ છે?
- **વિકલાંગ/સુરદાસ**, એકલ **વૃધ્ધ** હોય, **અસહાય** હોય, વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય તો તેવા **લાભાર્થી માટે કોઈ વ્યવસ્થા** સરકારશ્રીએ વિચારેલ છે કે કેમ ?
- **મીલેટમાં** કયા પ્રકારના **અનાજનો** સમાવેશ થાય છે?
- "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન **યોજના" શું** છે? અને આ યોજનામાં **શું લાભ** મળે છે અને **કોને લાભ** મળે છે? તથા **ક્યા તબકકા** દરમ્યાન લાભ મળેલ છે?
- **"વન નેશન વન રેશનકાર્ડ"** યોજના શું છે? અને તે ક્યારથી લાગુ કરવામાં આવી?

## રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ

***15/4/1651 ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા (ધોરાજી): માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો– ૨૦૧૩ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) | રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના " અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૭૧,૭૨૬.૩૩ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા પ્રમાણમાં અને શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું? | (૨) | માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |

(૧) માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ– ૨૦૨૩ સુધી તથા માહે નવેમ્બર– ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

(૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ તથા સપ્ટેમ્બર– ૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

પ્રશ્ન નં -૧ **રાજકોટ જિલ્લામાં** રેશનકાર્ડ ધારકોને વિતરણ કરાતા રાશનના જથ્થા અંગે **સંગ્રહ શક્તિ** માટે **ગોડાઉન** અંગે શુ વ્યવસ્થા છે?

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

ગુજરાત નાગરીક પુરવઠા નિગમ લીમીટેડના **રાજકોટ** જીલ્લા ખાતે નિગમની માલીકીના અનાજ સંગ્રહ માટે **કુલ ૨૯ ગોડાઉનો** છે. તેમાં **૨૫,૧૦૦ મે.ટન** સંગ્રહશક્તિ ઉપલબ્ધ છે.

રાજકોટ જીલ્લાની તાલુકાવાઈઝ સંગ્રહશક્તિની વાત કરૂ તો....

| અ.નું | તાલુકાનું નામ | ગોડાઉન (બિલ્ડિંગ) સંખ્યા | સંગ્રહ શક્તિ (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | રાજકોટ સીટી | ૭ | ૩૫૦૦ |
| ૨ | રાજકોટ (ગ્રામ્ય) | ૩ | ૨૧૦૦ |
| ૩ | ઉપલેટા | ૨ | ૨૦૦૦ |
| ૪ | જેતપુર | ૨ | ૨૦૦૦ |
| ૫ | જસદણ | ૨ | ૨૫૦૦ |
| ૬ | જામકંડોરણા (નવુ) | ૧ | ૨૦૦૦ |
| ૭ | ગોંડલ (નવુ) | ૩ | ૩૦૦૦ |
| ૮ | ધોરાજી | ૨ | ૧૦૦૦ |
| ૯ | પડધરી | ૩ | ૨૦૦૦ |
| ૧૦ | કોટડાસાંગાણી | ૨ | ૧૦૦૦ |
| ૧૧ | લોધીકા (નવુ) | ૧ | ૨૦૦૦ |
| ૧૨ | વિછીંયા (નવુ) | ૧ | ૨૦૦૦ |
| **કુલ** | | **૨૯** | **૨૫૧૦૦** |

**પુરક માહિતી**

- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગરના સમગ્ર રાજ્યમાં અનાજ સંગ્રહ માટે નિગમની માલિકીના **કુલ ૬૫૪** ગોડાઉનો છે. **જેમાં ૫,૩૯,૦૦૦ મે.ટન** સંગ્રહ શક્તિ ઉપલબ્ધ છે.

મુખ્ય પેજ પર જવા માટે

પ્રશ્ન નં -૨ રાજકોટ જીલ્લામાં રાજ્ય સરકારની યોજના પ્રમાણે **અનાજ સિવાય** અપાતા **જથ્થાનું વિતરણ** પ્રમાણ તથા વિતરણ **ભાવ** શું છે?

**જવાબ : માન અધ્યક્ષશ્રી,**

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજકોટ જિલ્લામાં અનાજ સિવાય અપાતા જથ્થાનું વિતરણ પ્રમાણ તથા વિતરણ ભાવની વાત કરૂ તો...

<table>
<tr><th>આવશ્યક ચીજ વસ્તુ</th><th colspan="2">મળવાપાત્ર જથ્થો</th><th>વિતરણ ભાવ</th></tr>
<tr><td>તુવેરદાળ</td><td colspan="2">કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા</td><td>રૂ. ૫૦/– પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>ચણા</td><td colspan="2">કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા</td><td>રૂ. ૩૦/– પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td rowspan="2">ખાંડ</td><td>બી.પી.એલ</td><td>વ્યક્તિદિઠ: ૩૫૦ ગ્રામ</td><td>રૂ. ૨૨/– પ્રતિ કિ.ગ્રા.</td></tr>
<tr><td>અંત્યોદય</td><td>ત્રણ વ્યક્તિ સુધીનાકાર્ડ માટે<br>કાર્ડ દિઠ: ૧ કિ.ગ્રામ<br>ત્રણથી વધુ વ્યક્તિવાળા કાર્ડ માટે વ્યક્તિદિઠ: ૩૫૦ ગ્રામ</td><td>રૂ. ૧૫/– પ્રતિ કિ.ગ્રા.</td></tr>
<tr><td rowspan="2">તહેવાર માટે ખાંડ વર્ષમાં બે વખત</td><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.(અંત્યોદય)</td><td>રૂ.૧૫ /– પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.(બી.પી.એલ)</td><td>રૂ.૨૨/– પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>ડબલ ફોર્ટીફાઈડ મીઠું</td><td colspan="2">કાર્ડ દીઠ : ૧ કિ.ગ્રા.</td><td>રૂ. ૧/– પ્રતિ કિ.ગ્રા</td></tr>
<tr><td>તહેવાર માટે સીંગતેલ વર્ષમાં બે વખત<br>(સપ્ટેબર–૨૦૨૩ અને નવેમ્બર–૨૦૨૩)</td><td colspan="2">કાર્ડ દીઠ – ૧ લીટર પાઉચ</td><td>રૂ.૧૦૦/– પ્રતિ પાઉચ</td></tr>
</table>

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન નં: ૩ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩” હેઠળ આવરી લેવા માટે તાલુકાવાઈઝ કેટલા રેશનકાર્ડધારકોએ અરજીઓ કરી, કેટલી અરજીઓ મંજૂર/નામંજૂર થઈ છે ?**

**જવાબ: માન અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં **રાજકોટ** જીલ્લામાં “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩” હેઠળ આવરી લેવા માટે મળેલ અરજીઓની વાત કરૂ તો......

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર | નામંજૂર * |
|---|---|---|---|---|
| ૧ | જામકંડોરણા | ૨૮૯ | ૨૭૦ | ૧૯ |
| ૨ | જેતપુર | ૩૦૨૩ | ૧૯૮૧ | ૧૦૪૨ |
| ૩ | પડધરી | ૨૩૩ | ૧૭૦ | ૬૩ |
| ૪ | ઉપલેટા | ૧૪૩૮ | ૧૧૩૦ | ૩૦૮ |
| ૫ | ધોરાજી | ૧૩૨૪ | ૧૨૮૨ | ૪૨ |
| ૬ | લોધિકા | ૪૩૩ | ૪૧૬ | ૧૭ |
| ૭ | ગોંડલ | ૫૦૭૫ | ૪૦૧૬ | ૧૦૫૯ |
| ૮ | વિછીંયા | ૬૪૩ | ૪૬૫ | ૧૭૮ |
| ૯ | જસદણ | ૮૪૫ | ૭૩૩ | ૧૧૨ |
| ૧૦ | કોડડા સોંગાણી | ૬૪૯ | ૫૮૨ | ૬૭ |
| ૧૧ | રાજકોટ તાલુકો | ૧૨૬૦ | ૧૨૪૦ | ૨૦ |
| ૧૨ | રાજકોટ શહેર | ૪૯૧૮ | ૪૫૧૪ | ૪૦૪ |
| **કુલ** | | **૨૦૧૩૦** | **૧૬૭૯૯** | **૩૩૩૧** |

- **અરજી ના મંજુર થવાના કારણો:**

પાત્રતા ધરાવતા ન હોવાના કારણે અરજી ના મંજુર કરવામાં આવે છે.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન નં. ૪ છેલ્લા એક વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત તાલુકાવાર અનાજનું કેટલુ વિતરણ થયેલ છે?**

**જવાબ: માન અદયક્ષશ્રી,**

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩ હેઠળ **રાજકોટ** જિલ્લાની તાલુકાવાર જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ સુધીની અનાજના તાલુકાવાર વિતરણની માહીતીની વાત કરૂ તો...

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ અનાજ મે.ટન** | **વિતરણ કરેલ અનાજ (શબ્દોમાં)** |
|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૫,૯૧૨ | પાંચ હજાર નવસો બાર મે.ટન |
| ૨ | કોટડા–સાંગાણી | ૩,૬૭૧ | ત્રણ હજાર છસો ઈકોતેર મે.ટન |
| ૩ | ગોંડલ | ૯,૧૨૫ | નવ હજાર એકસો પચ્ચીસ મે.ટન |
| ૪ | જસદણ | ૬,૭૧૭ | છ હજાર સાતસો સત્તર મે.ટન |
| ૫ | જામકંડોરણા | ૧,૭૧૫ | એક હજાર સાતસો પંદર મે.ટન |
| ૬ | જેતપુર | ૮,૦૬૭ | આઠ હજાર સડસઠ મે.ટન |
| ૭ | રાજકોટ શહેર | ૧૪,૫૩૫ | ચૌદ હજાર પાંચસો પાંત્રીસ મે.ટન |
| ૮ | ધોરાજી | ૫,૨૬૦ | પાંચ હજાર બસો સાઈઠ મે.ટન |
| ૯ | પડધરી | ૩,૨૭૦ | ત્રણ હજાર બસો સીતેર મે.ટન |
| ૧૦ | રાજકોટ | ૫,૨૨૦ | પાંચ હજાર બસો વીસ મે.ટન |
| ૧૧ | લોધીકા | ૨,૦૯૯ | બે હજાર નવ્વાણું મે.ટન |
| ૧૨ | વીંછીયા | ૬,૧૩૫ | છ હજાર એકસો પાત્રીસ મે.ટન |
| **કુલ** | | **૭૧,૭૨૬** | **ઈકોતેર હજાર સાતસો છવીસ મે.ટન** |

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન નં. ૫ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર અનાજ સિવાયની અન્ય આવશ્યક ચીજ વસ્તુના જથ્થાના વિતરણની શું માહિતી છે ?**

**જવાબ: માન અધ્યક્ષશ્રી,**

અનાજ સિવાય અન્ય આવશ્યક ચીજવસ્તુઓનુ તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એક વર્ષમાં થયેલ વિતરણની વાત કરૂ તો...

| તાલુકાનુ નામ | ખાંડ | સીંગ તેલ (પાઉચ) | મીઠું | તુવેરદાળ | ચણા |
|---|---|---|---|---|---|
| **ઉપલેટા** | ૧૯૪ મે.ટન | ૪૭૩૦૦ પાઉચ | ૧૫૨ મે.ટન | ૬૯ મે.ટન | ૧૬૦ મે.ટન |
| **કોટડા સાંગાણી** | ૯૮ મે.ટન | ૨૯૬૩૮ પાઉચ | ૯૩ મે.ટન | ૫૧ મે.ટન | ૧૪૮ મે.ટન |
| **ગોંડલ** | ૨૦૬ મે.ટન | ૭૪૨૦૬ પાઉચ | ૨૫૦ મે.ટન | ૧૪૪ મે.ટન | ૩૬૦ મે.ટન |
| **જસદણ** | ૮૮ મે.ટન | ૫૦૫૪૪ પાઉચ | ૧૭૨ મે.ટન | ૭૯ મે.ટન | ૨૧૬ મે.ટન |
| **જામકંડોરણા** | ૪૮ મે.ટન | ૧૪૧૨૪ પાઉચ | ૫૭ મે.ટન | ૨૬ મે.ટન | ૬૪ મે.ટન |
| **જેતપુર** | ૧૭૭ મે.ટન | ૬૫૪૯૨ પાઉચ | ૨૪૭ મે.ટન | ૧૦૭ મે.ટન | ૩૨૮ મે.ટન |
| **રાજકોટ શહેર** | ૪૨૩ મે.ટન | ૧૧૯૬૨૧ પાઉચ | ૪૦૫ મે.ટન | ૨૩૪ મે.ટન | ૫૬૪ મે.ટન |
| **ધોરાજી** | ૧૩૧ મે.ટન | ૪૩૩૬૫ પાઉચ | ૧૪૩ મે.ટન | ૬૯ મે.ટન | ૨૦૦ મે.ટન |
| **પડધરી** | ૮૮ મે.ટન | ૨૪૯૮૮ પાઉચ | ૯૦ મે.ટન | ૪૬ મે.ટન | ૧૦૩ મે.ટન |
| **રાજકોટ** | ૧૪૯ મે.ટન | ૩૮૮૮૪ પાઉચ | ૧૩૧ મે.ટન | ૯૩ મે.ટન | ૧૯૮ મે.ટન |
| **લોધીકા** | ૬૫ મે.ટન | ૧૬૬૯૦ પાઉચ | ૬૩ મે.ટન | ૨૫ મે.ટન | ૬૪ મે.ટન |
| **વિંછીયા** | ૧૧૨ મે.ટન | ૪૬૪૫૬ પાઉચ | ૧૪૭ મે.ટન | ૭૩ મે.ટન | ૨૦૮ મે.ટન |
| **કુલ** | **૧૭૭૯ મે.ટન** | **૫૭૧૩૦૮ પાઉચ** | **૧૯૫૦ મે.ટન** | **૧૦૧૬ મે.ટન** | **૨૬૧૩ મે.ટન** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન નં. ૬ જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમિયાન રાજકોટ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી અને શું પગલા લેવામાં આવ્યા?**

**જવાબ: માન અધ્યક્ષશ્રી,**

**જાન્યુઆરી–૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩** દરમિયાન **રાજકોટ** જિલ્લામાં તથા સમગ્ર રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનોની કરેલ તપાસો અને લીધેલ પગલાની વિગતોની વાત કરૂ તો...

**માન અધ્યક્ષશ્રી,**

**રાજકોટ** જિલ્લામાં તપાસની વાત કરૂ તો**.....** કુલ ૫૩૧ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ થયેલ છે. જે અન્વયે કુલ ૦૧ પરવાના મોકુફ કરેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

# પુરક નોંધ

- **રાજ્યમાં તુવેરદાળનું વિતરણ કઈ યોજના હેઠળ, કેટલા લાભાર્થીઓને કેટલા પ્રમાણમાં કરવામાં આવે છે?**

**માન અધ્યક્ષશ્રી,**

- "જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કઠોળ વિતરણની યોજના" એ રાજ્ય સરકારની પોતાની આશીર્વાદરૂપ યોજના છે. જેનો હેતુ રાજ્યના જરૂરિયાતમંદ કુટુંબોને અન્ન સલામતીની સાથે પોષણ સલામતી પણ મળી રહે તે માટે પ્રોટીનસભર આહાર પૂરો પાડવાનો છે. આ માટે હાલ દર મહિને ૧ કિલો ચણા અને તુવેરદાળનું રાહતદરે વિતરણ કરવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત રાજ્યના "રાષ્ટ્રીય અન્ન અને સલામતી કાયદો-૨૦૧૩" (NFSA) હેઠળના AAY તથા PHH રેશનકાર્ડધારક ૭૨ લાખ કુટુંબોની ૩.૫૪ કરોડ જનસંખ્યાને  આવરી લેવામાં આવી છે. આ તમામ કુટુંબોને કાર્ડદીઠ માસિક ૧ કિ.ગ્રા. તુવેરદાળનું વિતરણ રૂ.૫૦/- પ્રતિ કિ.ગ્રા. ના રાહતદરે વિતરણ કરવામાં આવે છે.
- આમ, રાજ્યના જરૂરીયાતમંદ કુટુંબોને પોષણ પૂરું પાડવા માટે રાજ્ય સરકારે પોતાની આ યોજના દ્વારા ભારતભરમાં ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મુખ્ય પેજ પર જવા માટે

- **લાભાર્થીઓને તુવેરદાળ શા કારણે ઓછી ફાળવવામાં આવે છે અથવા તો સમયસર ફાળવવામાં આવતી નથી તેના કારણો?**

**માન અધ્યક્ષશ્રી,**

➢ જાહેર વિતરણ વ્યવસ્થામાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા AAY તથા PHH રેશનકાર્ડધારકને માસિક ૧ કિ.ગ્રા. તુવેરદાળનું રૂ.૫૦/– પ્રતિ કિ.ગ્રા. ના રાહતદરે વિતરણ કરવામાં આવે છે.

**માન અધ્યક્ષશ્રી,**

➢ તુવેર દાળનો જથ્થો હાલ ભારત સરકારની નોડલ એજન્સી નાફેડ દ્વારા રાજ્ય સરકારને ફાળવવામાં આવે છે.

**માન અધ્યક્ષશ્રી,**

➢ હાલ સમગ્ર રાજયમાં અને દેશમાં જરૂરીયાતના પ્રમાણમાં ઉત્પાદન ઓછું છે. તેમ છતાં રાજ્યના લાભાર્થીઓ તુવેરદાળથી વંચિત ન રહે તે માટે ભારત સરકારશ્રી દ્વારા આયાતી તુવેરનો જથ્થો ફાળવવામાં આવે છે.

**માન અધ્યક્ષશ્રી,**

➢ આ ઉપરાંત ખુલ્લા બજારમાં તુવેરદાળના ઉંચા ભાવ હોવા છતાં જાહેર વિતરણ વ્યવસ્થા યોજના માટે ચાર માસ માટે કુલ ૧૪,૦૦૦ મે.ટન તુવેરદાળનો જથ્થો લાભાર્થીઓને ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મુક્ત બજારમાંથી પ્રતિ કિલો ગ્રામ રૂ.૯૭ ની સબસીડી ભોગવીને પણ તુવેરદાળની ખરીદી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે આગામી માર્ચ–૨૦૨૪ માસથી વિતરણમાં મુકી શકાય તેમ છે.

**માન અધ્યક્ષશ્રી,**

➢ રાજ્ય સરકાર દ્વારા આ બાબતની ચિંતા ભવિષ્યને ધ્યાનમાં રાખીને પણ જરૂરીયાત મુજબ મુકત બજાર માંથી ખરીદી કરીને વિતરણમાં મુકવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

- **અન્નબ્રહ્મ યોજના ( ફુડ હેલ્પલાઈન યોજના):-**

**માન અધ્યક્ષશ્રી,**


- ભુખમરા અને કુપોષણથી થતાં મૃત્યુને રોકવા ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ તથા અન્ય બાળકો (સ્ટ્રીટ ચિલ્ડ્રન) ને અન્ન સલામતિ આપવા માટે રાજય સરકારે અન્ન બ્રહ્મ યોજના અમલમાં મુકી છે. **જેમાં રેશનકાર્ડ ન ધરાવતી વ્યક્તિ/કુટુંબ તેમજ અત્યંત ગરીબ/અશકત/અંધ/નિરાધાર વ્યક્તિ, હોસ્પીટલના બીછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરિયાત છે,** સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરિયાતમંદ વ્યક્તિ/કામદાર, સેકસ વર્કસ તથા કોરોનાથી મૃત્યુ થયેલ અનાથ બાળકો, ઘરવિહોણી એકલી વ્યક્તિ અથવા કુટુંબ (બાળકો સહિત) તેમજ **ઘર વિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચિલ્ડ્રનનો સમાવેશ કરવામાં આવ્યો છે.** આ યોજના હેઠળ ૬ માસ માટે પ્રતિ માસ ૧૦ થી ૧૫ કિલોગ્રામ અનાજ મફત આપવામાં આવે છે.
- જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમ્યાન **કુલ ૧૩૪૨.૧૦ ક્વિન્ટલ** અનાજનું વિતરણ થયેલ છે.

મુખ્ય પેજ પર જવા માટે

- **વાજબી ભાવની દુકાન સંચાલકોને લાભાર્થીઓને વિતરણ કરવા માટે જથ્થો ફાળવવાની પધ્ધતિ શું છે.?**

**માન. અધ્યક્ષશ્રી,** જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ દુકાન સંચાલકોને લાભાર્થીઓને વિતરણ કરવા માટે જથ્થો ફાળવવાની પધ્ધતિની વાત કરૂ તો...

# જાહેર વિતરણ વ્યવસ્થા




મુખ્ય પેજ પર જવા માટે

- **"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(એન.એફ.એસ. એ) હેઠળ ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ" નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે ?**

**માન અધ્યક્ષશ્રી,**

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (એન.એફ.એસ.એ) હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં "અગ્રતા ધરાવતા કુંટુબ"(PHH)નું રેશનકાર્ડ મેળવવા માટે પાત્રતાના ધોરણોની વાત કરૂ તો.......

| ગ્રામ્ય વિસ્તારમાં | શહેરી વિસ્તારમાં |
|---|---|
| ❖ **બાકાત કરવાના ધોરણો**<br>(અ) નીચે પૈકીની કોઈપણ એક અથવા વધારે બાબત ધારણ કરનાર કુટુંબને ***બાકાત કરવાના*** રહેશે,<br>(૧) કુટુંબ યાંત્રિક રીતે ચાલતું ૪ પૈડાનું વાહન ધરાવે છે.<br>(૨) યાંત્રિક માછીમારીની બોટ ધરાવે છે.<br>(૩) કુટુંબનો કોઈપણ સભ્ય સરકારી કર્મચારી છે, [સિવાય કે સરકારી કચેરી, બોર્ડ, નિગમ, અન્ય સરકારી એજન્સી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિત સંબંધિત કચેરીમાં આઉટસોર્સીંગથી વર્ગ-૪ ની કામગીરી કરતા હોય]<br>(૪) કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/- થી વધુ આવક ધરાવે છે.<br>(૫) કુટુંબનો કોઈપણ સભ્ય આવકવેરો કે વ્યવસાય વેરો ચુકવે છે.<br>(૬) કુટુંબ ૫ એકર કે તેથી વધુ, બે કે તેથી વધુ સીઝનમાં પાક લેતી પિયતવાળી જમીન ધારણ કરે છે.<br>(૭) કુટુંબ ૭.૫ એકર કે તેથી વધુ જમીન સાથે પિયત માટેનું સાધન ધારણ કરે છે.<br>એટલે કે, બાકાત સિવાયના તમામ કુટુંબો જે સામાજીક આર્થિક વસ્તી ગણતરી-૨૦૧૧ (સોશ્યો ઈકોનોમિક કાસ્ટ સેન્સસ-૨૦૧૧)માં છે તેઓને સમાવવાના રહેશે તથા, જે કુટુંબના<br>➢ પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશક્ત હોય, | ❖ **સમાવેશ કરવાના ધોરણો**<br>• **નીચે પૈકીની કોઈપણ એક વંચિતતા ધારણ કરનાર કુટુંબને *સમાવવાના રહેશે.***<br>• **(A) આવાસીય અરક્ષિતતા -:**<br>(૧) કુટુંબ ઘર/મકાન વિહોણું છે,<br>(૨) કુટુંબ પ્લાસ્ટીક કે પોલીથીનની દિવાલ અને છાપરાવાળું મકાન/ઘર ધરાવે છે.<br>(૩) કુટુંબ ઘાસકુશ, વાંસ, છાણ, કાચી ઇંટ કે લાકડાની દિવાલ અને ઘાસકુશ, વાંસછાણ કે લાકડાની છતવાળુ એક ઓરડો કે તેથી ઓછુ મકાન/ઘર ધારણ કરે છે.<br>➢ **(B) વ્યવસાયિક અરક્ષિતતા -:**<br>(૪) કુટુંબ કોઇ પણ સ્ત્રોતમાંથી આવક ધરાવતું નથી.<br>(૫) કુટુંબનો કોઈપણ સભ્ય [બાળક સહિત] ભીખારી, કચરો ઉપાડનાર, ઘરકામ કરનાર [જેઓને ખરેખર વળતર ચુકવવામાં આવતુ હોય] અને સફાઇ કામદાર/કચરો વાળનાર કે માળી તરીકેના કામમાં રોકાયેલ છે.<br>(૬) જે કુટુંબના પુખ્ત વયના બધા કમાતા સભ્યો રોજમદાર હોય કે અનિયમિત વળતર મેળવતા હોય.<br>(૭) કુટુંબનો કોઈપણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/- થી ઓછી આવક ધરાવે છે.<br>(૮) ત્રણ પૈંડાવાળા યાંત્રિક વાહન ધરાવતા [ઓટો રીક્ષા/છકડો/મીની ટેમ્પો] વાહનચાલકો કે જેઓની માસિક આવક રૂ.૧૫, ૦૦૦/- થી ઓછી હોય. |

| | |
|---|---|
| ➢ ગંભીર રીતે બીમાર હોય કે,<br>➢ ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તેમને સમાવવાના રહેશે.<br>ઉપર્યુક્ત ધોરણો સિવાય ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબના વ્યક્તિઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય એન.એફ.એસ.એ. હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબના" લાભાર્થી તરીકે સમાવેશ કરવાનો રહેશે.<br>➢ સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળ નોંધાયેલ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ખાતે રહેતા<br>(૧) દિવ્યાંગ લાભાર્થીઓ<br>(૨) વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થી<br>➢ સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ અથવા સરકાર માન્ય સંસ્થાઓ ખાતે રહેતી ગંગાસ્વરૂપ વિધવા બહેનો<br>➢ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળનાં ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓ<br>➢ અનાથ બાળકો અને તેઓના પાલક વાલીઓ | ❖ **(C) સામાજિક અરક્ષિતતા -:**<br>(૯) જે કુટુંબના વડા તરીકે સગીર વ્યક્તિ હોય, એટલે કે કુટુંબના કોઈપણ સભ્ય ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ન હોય,<br>(૧૦) જે કુટુંબમાં ૧૮ થી ૬૦ વર્ષના તમામ સભ્યો અશકતતા ધરાવતા હોય કે ગંભીર રીતે બીમાર હોય,<br>(૧૧) જે કુટુંબના પુખ્તવયના તમામ કમાતા સભ્યો અશકત હોય, ગંભીર રીતે બીમાર હોય કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય,<br>(૧૨) ઉપર્યુક્ત ધોરણો સિવાય શહેરી વિસ્તારમાં નીચે મુજબના વ્યક્તિઓનો આવકની મર્યાદાને ધ્યાને લીધા સિવાય એન.એફ.એસ.એ. હેઠળ "અગ્રતા ધરાવતા કુટુંબના" લાભાર્થી તરીકે સમાવેશ કરવાનો રહેશે.<br>➢ સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળ નોંધાયેલ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ખાતે રહેતા<br>(૧) દિવ્યાંગ લાભાર્થીઓ<br>(૨) વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થી<br>➢ સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ અથવા સરકાર માન્ય સંસ્થાઓ ખાતે રહેતી ગંગાસ્વરૂપ વિધવા બહેનો<br>➢ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળનાં ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમયોગીઓ<br>➢ અનાથ બાળકો અને તેઓના પાલક વાલીઓ |

નોંધ:-(૧) ઉપરોક્ત સમજૂતી ફક્ત ઠરાવની જોગવાઈને સરળતાથી સમજવા માટે છે.

(૨) કોઈપણ બાબતના અર્થઘટન માટે ઠરાવની જોગવાઈ આખરી ગણાશે.

મુખ્ય પેજ પર જવા માટે

- **“રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩” (એન.એફ.એસ.એ) હેઠળ અંત્યોદય અન્ન યોજના રેશનકાર્ડ (એ.એ.વાય) મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે?**

**માન અધ્યક્ષશ્રી,**

**અંત્યોદય અન્ન યોજનાની વાત કરૂ તો....** “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા–૨૦૧૩” (એન.એફ.એસ.એ) હેઠળ **અંત્યોદય અન્ન યોજના રેશનકાર્ડ** (એ.એ.વાય) મેળવવા માટે પાત્રતાના ધોરણો આ મુજબ છે.

- જમીન વિહોણા ખેત મજૂરો, સીમાંત ખેડૂતો, ગ્રામ્ય કારીગરો, ઝુપડપટ્ટીમાં રહેતા લોકો અને અવિધિસર સેકટરમાં દૈનિક ધોરણે તેમનું ગુજરાન કમાતા જેવા કે, માલ સમાન ઉંચકનાર કુલી, રીક્ષા ચાલક, હાથલારી ચાલવનારા, ફળફળાદિ અને ફુલ વેચનાર, મદારીઓ, કાગળ વીણનારા અને વંચિત તથા આવી જ કેટેગરીમાં આવતા અન્ય ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં રહેતા લોકો.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નોંધાયેલા તમામ વિધવા, અપંગ, અશક્ત વ્યક્તિઓ કે જેઓ બીપીએલ કાર્ડધારકો હોય તે તમામને અંત્યોદય અન્ન યોજનામાં સમાવિષ્ટ કરી અંત્યોદય કાર્ડ આપવાના રહેશે.
- તમામ આદીમ જુથના કુટુંબો.
- બીપીએલ કાર્ડધારક એચ આઇ વી વ્યક્તિ
- રકતપિતથી અસરગ્રસ્ત
- ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વિધવા/બીમાર વ્યક્તિ એકલી સ્ત્રી/એકલો પુરુષ કે જેને જીવન નિર્વાહનું સાધન ન હોય તેવા કુટુંબ ના હોય, સામાજીક આધાર ન હોય તેવા વ્યકિત/લોકો/જુથો ને અંત્યોદય અન્ન યોજનાનું રેશનકાર્ડ મળવાપાત્ર છે.
- અશકત વ્યક્તિઓ કે જેઓની ૪૦% થી વધુ વિકલાંગતાં હોય.

મુખ્ય પેજ પર જવા માટે

- **રાજ્ય અને રાજકોટ જીલ્લામાં ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ કુલ કેટલા કેટેગરીવાર રેશનકાર્ડ ધારકો છે?**

**માન અધ્યક્ષશ્રી,**

રાજ્ય અને **રાજકોટ** જીલ્લામાં ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ કેટેગરીવાર રેશનકાર્ડ ધારકોની વાત કરૂ તો....

| **કેટેગરીવાર** | | **રાજકોટ જિલ્લો** | | | **રાજ્ય** | |
|---|---|---|---|---|---|---|
| | | **કાર્ડ સંખ્યા** | **જનસંખ્યા** | | **કાર્ડ સંખ્યા** | **જનસંખ્યા** |
| **એન.એફ.એસ.એ** | **અંત્યોદય કુટુંબો (AAY)** | ૨૦ હજાર | ૭૩ હજાર | | ૭.૭૩ લાખ | ૩૫.૬૩ લાખ |
| | **અગ્રતા ધરાવતા કુટુંબો (PHH)** | ૨.૭૪ લાખ | ૧૧.૩૨ લાખ | | ૬૫.૫૭ લાખ | ૩ કરોડ ૨૧ લાખ |
| **કુલ એન.એફ.એસ.એ** | | **૨.૯૪ લાખ** | **૧૨.૦૫ લાખ** | | **૭૩.૩૦ લાખ** | **૩ કરોડ ૫૭ લાખ** |
| નોન– એન.એફ.એસ.એ | | ૬.૪૯ લાખ | ૨૩.૬૭ લાખ | | ૬૫.૨૯ લાખ | ૨ કરોડ ૫૯ લાખ |
| **કુલ રેશનકાર્ડ** | | **૯.૪૩ લાખ** | **૩૫.૭૨ લાખ** | | **૧ કરોડ ૩૯ લાખ** | **૬ કરોડ ૧૬ લાખ** |

➢ **રાજકોટ જિલ્લામાં** કુલ ૯.૪૩ લાખ રેશનકાર્ડ અને ૩૫.૭૨ લાખ જન સંખ્યા પૈકી અંત્યોદય રેશનકાર્ડની સંખ્યા ૨૦ હજાર અને જન સંખ્યા ૭૩ હજાર તેમજ અગ્રતા ધરાવતા રેશનકાર્ડની સંખ્યા ૨.૭૪ લાખ અને જન સંખ્યા ૧૧.૩૨ લાખ છે. આમ કુલ ૨.૯૪ લાખ રેશનકાર્ડ અને ૧૨.૦૫ લાખ જન સંખ્યાનો એન.એફ.એસ.એ કાયદા હેઠળ સમાવેશ કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

➢ રાજ્યમાં ૧ કરોડ ૩૯ લાખ રેશનકાર્ડ અને ૬ કરોડ ૧૬ લાખ જન સંખ્યા પૈકી અંત્યોદય રેશનકાર્ડની સંખ્યા ૭.૭૩ લાખ અને જન સંખ્યા ૩૫.૬૩ લાખ તેમજ અગ્રતા ધરાવતા રેશનકાર્ડની સંખ્યા ૬૫.૫૭ લાખ અને જન સંખ્યા ૩ કરોડ ૨૧ લાખ છે. આમ કુલ ૭૩.૩૦ લાખ રેશનકાર્ડ અને ૩ કરોડ ૫૭ લાખ જન સંખ્યાને એન.એફ.એસ.એ કાયદા હેઠળ સમાવેશ કરેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

- **ભારત સરકારે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" ક્યારથી અમલમાં મુક્યો? અને  રાજ્યમાં ક્યારથી લાગુ કરવામાં આવ્યો ?**

**માન અધ્યક્ષશ્રી,**

- **"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" ની વાત કરૂ તો...** માનવ જીવનક્રમ અભિગમમાં ખોરાક અને પોષણ સુરક્ષા પુરી પાડવા માટે લોકોને વ્યાજબી ભાવે ખોરાકની ગુણવત્તા અને જથ્થામાં વધારો કરવા અને તે સબંધિત અથવા પ્રસંગોપાત ગૌરવ સાથે જીવન જીવવા માટે ભારત સરકાર દ્વારા **"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩"  જુલાઈ–૨૦૧૩ થી અમલમાં મુકવામાં આવેલ છે.**
- **જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧લી એપ્રિલ–૨૦૧૬** થી સમગ્ર રાજ્યમાં અમલ શરૂ કરવામાં આવેલ છે. "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો–૨૦૧૩" હેઠળ બે પ્રકારનાં કુટુંબોનો સમાવેશ થાય છે:

{૧} "અંત્યોદય અન્ન યોજના" (AAY કુટુંબો) અને

{૨} "અગ્રતા ધરાવતા કુટુંબો" એટલે કે પ્રાયોરીટી હાઉસ હોલ્ડ (PHH) કુટુંબો.

- સામાજિક આર્થિક વસ્તી ગણતરી–૨૦૧૧ના ડેટાબેઈઝના આધારે ગુજરાત રાજયની કુલ –૩૮૨.૮૪ લાખની વસ્તીને " રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ, જેમાં **ગ્રામ્ય ૭૪.૬%** મુજબ ૨૫૮.૭૮ લાખ વસ્તી અને **શહેરી વિસ્તારમાં ૪૮.૨%** ધોરણ મુજબ ૧૨૪.૦૬ લાખ વસ્તીનો સમાવેશ કરવાનો રહે છે.

મુખ્ય પેજ પર જવા માટે

- **“સાઈલેન્ટ રેશનકાર્ડ” એટલે શું અને તેને પુન: એકટિવ કરવાની શુ કાર્યપદ્ધતી છે?**

**માન અધ્યક્ષશ્રી,**

**“સાઈલેન્ટ રેશનકાર્ડ” ની વાત કરૂ તો...** છેલ્લા ૬ માસ કે તેથી વધુ સમયથી જે કાર્ડધારકોએ રાહતદરના રાશનનો લાભ લીધેલ ન હોય તેવા રેશનકાર્ડ ધારકોની હયાતી, પાત્રતા તથા કુટુંબના સભ્યોની ખરાઈ થવી ખૂબ જરૂરી જણાયેલ.

આથી, રાજ્યના જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડધારકો ૬ માસ કે તેથી વધુ સમયથી પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો લીધેલ ન હોય તેવા રેશનકાર્ડધારકોને સિસ્ટમમાં “સાયલન્ટ રેશનકાર્ડ” તરીકે ઓળખ કરવામાં આવે છે. તેવા સાયલન્ટ જણાયેલ રેશનકાર્ડને રદ કરવામાં આવતું નથી પરંતુ તદ્દન હંગામી ધોરણે આવા રેશનકાર્ડને સિસ્ટમમાંથી “ડિસેબલ/બ્લોક” કરવામાં આવે છે.

આવા રેશનકાર્ડને પુન:એકટિવ કરવા માટે રેશનકાર્ડધારકના કુટુંબના તમામ સભ્યોએ આધારકાર્ડની વિગતો સાથે નજીકની મામલતદાર/ઝોનલ કચેરીમાં જઈ બાયોમેટ્રિક આધારિત  એટલે કે, ઈ.કે.વાય.સી વેરિફિકેશન કરાવવાનું હોય છે. ઈ.કે.વાય.સી વેરીફીકેશન પ્રક્રિયા પૂર્ણ થયેથી રેશનકાર્ડને પુન:એકટિવ કરવામાં આવે છે અને તેઓને મળવાપાત્ર તમામ આવશ્યક ચીજવસ્તુનો જથ્થો રાબેતા મુજબ આપવામાં આવે છે.

“સાઈલેન્ટ રેશનકાર્ડ” તથા ઈ.કે.વાય.સી વેરીફીકેશન પ્રક્રિયા પૂર્ણ થયેથી રેશનકાર્ડને પુન:એકટિવ કરવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

- **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ કોને લાભ મળવાપાત્ર છે અને રાજકોટ જિલ્લામાં હાલની સ્થિતિએ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે?**

**માન અધ્યક્ષશ્રી,**

➢ **રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ મળવાપાત્ર લાભની વાત કરૂ તો...** રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ (N.F.S.A.) હેઠળ બે કેટેગરીનાં કુટુંબોનો સમાવેશ થાય છે:

(૧) અંત્યોદય અન્ન યોજના (AAY) તથા

(૨) "અગ્રતા ધરાવતા કુટુંબો"(PHH)

➢ ભારત સરકાર દ્વારા સામાજીક આર્થિક વસ્તી ગણતરી–૨૦૧૧ના ડેટાબેઇઝના આધારે કુલ–૩૮૨.૮૪ લાખની વસ્તીને એન.એફ.એસ.એ. કાયદામાં આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ છે.

➢ રાજ્ય સરકાર દ્વારા "અગ્રતા ધરાવતા કુટુંબો" ની પસંદગીના ધોરણો વર્ષ–૨૦૧૪ માં નિયત કરાયેલ, જેમાં વર્ષ–૨૦૨૦માં જરૂરી સુધારા કરાયેલ છે.

➢ સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦, તા.૧૭/૧૦/૨૦૨૦, તા.૨૧/૧૦/૨૦૨૦, તા.૦૭/૦૭/૨૦૨૧, તા.૨૯/૦૧/૨૦૨૨ અને તા.૧૪/૦૩/૨૦૨૩ ના ઠરાવોથી 'અગ્રતા ધરાવતા કુટુંબો' (Priority Households) ની ઓળખ કરવા માટેના ધોરણોમાં જરૂરી ફેરફાર કરી પાત્રતા ધરાવતા હોય, પરંતુ N.F.S.A.ના કાયદાના લાભથી વંચિત રહેલ દિવ્યાંગ, વિધવા, વૃધ્ધજન, બાંધકામ શ્રમિકો જેવા લાભાર્થીઓને કાયદા હેઠળ સમાવવા માટે ઝુંબેશ હાથ ધરી, સમાવેશ કરવાની કાર્યવાહી કરેલ છે.

➢ પાત્રતા ધરાવતા હોય, પરંતુ આ કાયદાના લાભથી વંચિત રહી ગયેલ સાચા લાભાર્થીઓ સમાવવા માટે સરકારશ્રી દ્વારા તા:૨૩/૦૩/૨૦૧૬ તથા તા:૨૧/૧૦/૨૦૨૦ ના ઠરાવથી જિલ્લા તથા તાલુકા/શહેર કક્ષા એમ દ્વિસ્તરીય સમિતીની રચના કરવામાં આવેલ છે. જેમાં સમિક્ષા બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. રેશનકાર્ડમાં સમાવેશ કરવાની બાબત એ સતત ચાલતી પ્રક્રિયા છે.

➢ દ્વિસ્તરીય સમિતીના સભ્યોની વિગતો આ પ્રમાણે છે.

(૧) જીલ્લા કક્ષાની સમિતિના સભ્યો : –

- કલેકટરશ્રી – અધ્યક્ષશ્રી
- નિવાસી અધિક કલેકટરશ્રી, સભ્યશ્રી
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સભ્યશ્રી
- જિલ્લા પુરવઠા અધિકારી, સભ્ય સચિવશ્રી

(૨) મહાનગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો : –

- કલેકટરશ્રી નિયુકત કરે તે વર્ગ–૨ ના અધિકારીશ્રી, અધ્યક્ષશ્રી
- ઝોનલ ઓફિસરશ્રી, સભ્ય સચિવશ્રી,
- પુરવઠા નિરીક્ષકશ્રી (ઝોનલ કચેરીના), સભ્યશ્રી
- જે તે વિસ્તારના વોર્ડ ઓફીસરશ્રી, સભ્યશ્રી

(૩) તાલુકા કક્ષાની સમિતિના સભ્યો : –

- મામલતદારશ્રી, અધ્યક્ષશ્રી
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, સભ્યશ્રી
- નાયબ મામલતદારશ્રી (પુરવઠા), સભ્ય સચિવશ્રી

(૪) નગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો : –

- મામલતદારશ્રી, અધ્યક્ષશ્રી
- ચીફ ઓફીસરશ્રી, સભ્યશ્રી,
- નાયબ મામલતદારશ્રી (પુરવઠા), સભ્ય સચિવશ્રી
-

➢ **માહે: ફેબ્રુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ–૬.૪૯ લાખ કુટુંબોની ૨૩ લાખ ૬૭ હજાર વસ્તીને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ (N.F.S.A.) હેઠળ આવરી લેવામાં આવેલ છે.**

**મુખ્ય પેજ પર જવા માટે**

- **વિકલાંગ/સુરદાસ, એકલ વૃધ્ધ હોય, અસહાય હોય, વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય તો તેવા લાભાર્થી માટે કોઈ વ્યવસ્થા સરકારશ્રીએ વિચારેલ છે કે કેમ ?**

**માન અધ્યક્ષશ્રી,**

- **વિકલાંગ/સુરદાસ, એકલ વૃધ્ધ હોય, અસહાય હોય, વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય તો તેવા લાભાર્થીઓની વાત કરૂ તો...** આપણી સરકાર સમાજના દરેક તબક્કાના લોકોની દરકાર કરે છે. તમામ પ્રકારના લોકોને સરકારી સુવિધાનો મહત્તમ લાભ મળી રહે તે માટે સરકાર સંવેદનશીલ છે અને સતત સુયોગ્ય પગલાં ભરતી રહે છે.
- રાજય સરકારે તેના ભાગ રૂપે દિવ્યાંગ, એકલવૃદ્ધ કે અસહાય વ્યક્તિ, કે જેઓ વાજબી ભાવની દુકાન સુધી જઈ શકે તેમ ન હોય, તેવા સંજોગોમાં જે તે લાભાર્થિના કુટુંબના કોઈ નજીકના સંબધી કે કોઈ જવાબદાર વ્યક્તિને પાલક તરીકે નિયુકત કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. **જેમાં ફોર્મ નં-૭ થી પાલક/વાલી તરીકે** પોતાના સંબંધી, પડોશી કે જેને ઈચ્છે તેને નિયુકત કરી શકે છે. અને તેમનું આધાર સીડીંગ કરાવી, પાલકના આધાર આધારીત અધિકૃતતાના આધારે જથ્થો આપવામાં આવે છે.

  એક જ વ્યક્તિ એક કરતા વધુ કાર્ડ ધારકોના પાલક/ગાર્ડિયન બને ત્યારે એલર્ટ જનરેટ થાય અને મામલતદારશ્રીની મંજુરી વિના ગાર્ડિયન ન બની શકે તે માટે NIC ને જણાવવામાં આવે છે તેમજ પાંચથી વધુ વ્યક્તિના ગાર્ડિયન બનવા માટે D.S.O ની મંજુરી ફરજીયાત મેળવવાની થાય તે મુજબ સિસ્ટમમાં એલર્ટ રાખેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

- **મીલેટમાં કયા પ્રકારના અનાજનો સમાવેશ થાય છે?**

**માન અધ્યક્ષશ્રી,**

- **મીલેટની વાત કરૂ તો....** યુનો(UNO) (યુનાઈટેડ નેશન્સ ઓર્ગનાઈઝેશન) દ્વારા વર્ષ ૨૦૨૩ ને "આંતરરાષ્ટ્રીય મીલેટ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. મીલેટમાં જુવાર, બાજરી, રાગી, રાજગરો વિગેરે જેવાનો સમાવેશ થાય છે.
- મીલેટ "ફાઈબર" નો સમૃદ્ધ સ્રોત છે, જેમાંથી મેગ્નેશિયમ, ફોસ્ફરસ, આયર્ન, કેલ્શિયમ, ઝીંક અને પોટેશિયમ જેવા મીનરલ અને વિટામિન પ્રાપ્ત થાય છે.
- રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ તમામ કાર્ડધારકોને માહે. **ઓગષ્ટ-૨૦૨૩ માં ૫૬,૬૪૫ મે.ટન બાજરીનું** વિના મૂલ્ય વિતરણ કરવામાં આવેલ છે. જે મુજબ સમગ્ર ભારત દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે મીલેટનું વિતરણ કરનાર રાજય છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

- **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" શું છે? અને આ યોજનામાં શું લાભ મળે છે અને કોને લાભ મળે છે? તથા ક્યા તબકકા દરમ્યાન લાભ મળેલ છે?**

**માન અદ્યક્ષશ્રી,**

